For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**મકરપુરા ડેપો પાસે દબાણ હટાવવાની કાર્યવાહી કરતી વેળાએ નાગરિકે પોતાનો રોષ વ્યક્ત કર્યો**

# વડોદરા પાલિકાના જેસીબી સામે મરણિયો વિરોધ: ટાયર નીચે સૂઈ ગયો યુવક

**વકીલે** અધિકારીઓને કોર્ટમાં કેસ વિચારાધીન હોવાનું જણાવી લેખિત ઓર્ડરની માંગ કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા શહેરના મકરપુરા ડેપો પાસે દબાણ હટાવવાની કાર્યવાહી દરમિયાન બુધવારે વડોદરા મહાનગરપાલિકાની ટીમ સામે ભારે હોબાળો અને હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. વર્ષોથી અહીં રહેતા એક પરિવારે પોતાની માલિકીની જગ્યા હોવાનું જણાવી પાલિકાની કાર્યવાહીનો ઉગ્ર વિરોધ કર્યો હતો. વિરોધ એટલો ઉગ્ર બન્યો કે પરિવારના સભ્યો જેસીબી મશીન સામે બેસી ગયા હતા અને એક યુવક તો જેસીબીના ટાયર નીચે સૂઈ જઈ આત્મઘાતી પ્રયાસ કરતો હોવાની સ્થિતિ સર્જાઈ હતી. મકરપુરા ડેપો નજીક આવેલી જગ્યામાં દબાણ દૂર કરવા પાલિકાની દબાણ શાખાની ટીમ પોલીસ કાફલા સાથે પહોંચી હતી. કામગીરી શરૂ થતાં જ ત્યાં રહેતા પરિવારે હોબાળો મચાવ્યો હતો. પરિવારનો દાવો છે કે તેઓ વર્ષ 1979થી આ જગ્યાએ રહે છે અને અહીંથી જ પોતાનો વ્યવસાય ચલાવી ગુજરાન ચલાવે છે. પાલિકાએ અગાઉ આપેલી નોટિસ બાદ આ મામલો કોર્ટમાં ચાલી રહ્યો છે અને આગામી 29 તારીખે સુનાવણી નક્કી છે. તેમ છતાં કોઈ સ્પષ્ટ કોર્ટ ઓર્ડર વિના કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનો આક્ષેપ પરિવારે કર્યો છે. ઘટનાની જાણ થતાં દબાણકર્તાના વકીલ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. અધિકારીઓને કોર્ટમાં કેસ વિચારાધીન હોવાનું જણાવી લેખિત ઓર્ડરની માંગ કરી હતી. બીજી તરફ પાલિકાના અધિકારીઓએ મ્યુનિસિપલ કમિશનરના સીધા આદેશ હોવાનું કહી બાંધકામ ગેરકાયદે હોવાનું જણાવ્યું હતું. વકીલ દ્વારા પાલિકાના લીગલ ડિપાર્ટમેન્ટ સાથે ફોન પર ચર્ચા કરવામાં આવી, જેમાં કોર્ટની આગામી તારીખ સુધી શક્ય તે કરવા પ્રયાસ કરાશે તેવી વાત કરવામાં આવી હતી. પરિસ્થિતિ વધુ તંગ બનતા લોકોનું ટોળું એકઠું થયું હતું અને પોલીસે મોરચો સંભાળ્યો હતો. જેસીબીના ટાયર નીચે સૂઈ જનાર યુવક સામે પોલીસ કાર્યવાહી કરવામાં આવી હતી.

### ‘અમને મારી નાખો, પછી તોડો’

પરિવારજનોએ જેસીબી મશીન સામે ધરણા કરી કામગીરી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. એક સભ્યે આક્રોશ વ્યક્ત કરતાં જેસીબીના ટાયર નીચે સૂઈ જઈ કહ્યું હતું, “અમારા નાના બાળકો છે અને આ અમારો એકમાત્ર રોજગાર છે. જો ઘર અને ધંધો તોડી નાખશો તો અમે જઈશું ક્યાં? અમને પહેલા મારી નાખો, પછી તોડો.”

### કોર્ટમાં કેસ હોવા છતાં કાર્યવાહીનો આક્ષેપ

પરિવારનો દાવો છે કે મામલો કોર્ટમાં વિચારાધીન છે અને 29 તારીખે સુનાવણી નક્કી છે. તેમ છતાં કોઈ લેખિત ઓર્ડર વિના પાલિકા દ્વારા દબાણ હટાવવાની કાર્યવાહી કરવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો છે. વકીલની દખલ બાદ પણ સ્થળ પર તણાવપૂર્ણ માહોલ યથાવત રહ્યો હતો.



**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો મહત્વનો નિર્ણય**

# ધો.10 અને 12ની બોર્ડ પરિક્ષાના ફોર્મ ભરવાની તારીખ લંબાવાઈ

**કોઈપણ** પ્રકારના સુધારા બાકી હોય અને પ્રિન્સિપાલ એપ્રુઅલ આપવાનું બાકી હોય તે કામગીરી 26 ડિસેમ્બર સુધી કરવાની રહેશે



(પ્રતિનિધિ) વડોદરા, તા.22

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી વર્ષ 2026 માં લેવાનારી ધોરણ 10-12 ની બોર્ડની પરીક્ષામાં ફોર્મ ભરવાની તારીખ લંબાવાઈ છે. આગામી 24 તારીખ સુધી મુદત વધારવામાં આવી છે. જ્યારે આવેદનપત્રમાં કોઈ પણ પ્રકારના સુધારા કરવાના બાકી હોય કે પ્રિન્સિપલ એપ્રુવલ આપવાનો બાકી હોય તો તે કામગીરી પૂર્ણ કરવાની અંતિમ તારીખ 26 ડિસેમ્બર રાત્રિના 12 કલાક સુધી અને શાળાઓ દ્વારા બાકી રહેતી ચૂકવવાની થતી ફી 30 ડિસેમ્બર સુધી ભરી શકાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ખાતે નોંધાયેલ ધોરણ 10, ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ તેમજ ધોરણ 12 સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમા ધરાવતી રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્ય, શિક્ષકો, વહીવટી કર્મચારીઓ, શાળાના સંચાલકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને જણાવવામાં આવ્યું છે કે, ધોરણ 10 -12 વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાના ફેબ્રુઆરી માર્ચ- 2026 ની બોર્ડની જાહેર પરીક્ષાના આવેદનપત્રો લેઈટ ફી સાથે ઓનલાઈન ભરવાની અંતિમ તારીખ 22 ડિસેમ્બર હતી. ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ માટેની આવેદનપત્રો ભરવાની, આવેદનપત્રમાં કોઈપણ પ્રકારના સુધારા કરવાની તથા પ્રિન્સીપાલ એપ્રુવલ કરવાની અંતિમ તારીખ રાબેતા મુજબ તારીખ 22 ડિસેમ્બર રહેશે. જ્યારે, ધોરણ-10 અને ધોરણ-12 સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાના આવેદનપત્રો ભરવાની અંતિમ તારીખ 2 દિવસ માટે લંબાવીને તારીખ 24 ડિસેમ્બર સુધી કરવામાં આવી છે. આવેદનપત્રમાં કોઈપણ પ્રકારના સુધારા કરવાના બાકી હોય કે પ્રિન્સીપાલ એપ્રુવલ આપવાનું બાકી હોય તો તે કામગીરી પૂર્ણ કરવાની અંતિમ તારીખ 26 ડિસેમ્બરના રોજ રાત્રીના 12 કલાક સુધીની રહેશે.

**તબિયત લથડતા સગીરાને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડાઇ**

# અહો આશ્ચર્યમ ! ગરીબ પરિવારની ૧૨ વર્ષની સગીરાએ બાળકીને જન્મ આપ્યો

પોલીસ દ્વારા સગીરા સાથે કોણે દુષ્કૃત્ય આચર્યુ તેની તપાસ શરૂ કરાઇ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા શહેર વિસ્તારમાં આવેલી ઝુપડપટ્ટીમાં રહેતો પરપ્રાંતિય પરિવાર મજૂરી કામ કરીને જીવન ગુજરાન ચલાવે છે. ત્યારે આ ગરીબ પરિવારની 12 વર્ષની સગીરાની તાજેતરમાં તબિયત લથડી હતી. જેના કારણે તેણીને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યાં ડોક્ટર દ્વારા સગીરાના તમામ રિપોર્ટ કરાવતા તેણી ગર્ભવતિ હોવાનું માલુમ પડ્યું હતું. જેના કારણે પરિવાર પણ ચોકી ગયો હતો. સગીરાને પ્રસુતિ ગૃહના વોર્ડમાં દાખલ કરાઇ હતી. જેમાં સગીર બાળકીને એક બેબીને જન્મ આપતા ચકચાર મચી ગઇ હતી. ઘટનામાં બાળક અને સગીરાની સયાજી હોસ્પિટલમાં સારવાર કરાઇ રહી છે. હાલમાં પોલીસે સગીરાને ગર્ભવતિ બનાવી કોણે તેની તપાસ કરવા માટે ફરિયાદ નોંધવા સાથે કાર્યવાહી પણ શરૂ કરી છે. પરપ્રાંતમાંથી કેટલાક પરિવાર પોતાના સંતાનો સાથે કમાવવા માટે વડોદરા આવતા હોય છે. શહેર વિસ્તારમાં આવેલી ઝૂંપડપટ્ટીમાં પણ આ રીતે એક પરિવાર રહેવા માટે આવ્યો હતો અને મજુરી કામ કરીને ગુજરાન ચલાવતો હતો. આ પરિવારની એક 12 વર્ષની સગીરાની ગઇ કાલે તબિયત લથડી હતી. જેથી તેણી પરિવારના સભ્યો સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં લઇને દોડ્યાં હતા. ત્યાં દવાખાનામાં દાખલ કરી હતી. દરમિયાન ડોક્ટર દ્વારા સગીરાના તમામ રિપોર્ટ કરાવ્યાં હતા ત્યારે આ સગીરા ગર્ભવતી હોવાનું માલુમ પડ્યું હતું. જેથી સમાચાર સાંભળીને તેનો પરિવાર પણ ચોકી ગયો હતો. દરમિયાન દીકરીને સારવાર માટે પ્રસૂતિ ગૃહ વિભાગમાં દાખલ કરી હતી અને તેણીએ બાળકીને જન્મ આપ્યો હતો. બાળકીને જન્મ આપ્યા બાદ સગીરાની સ્થિતિ વધુ ખરાબ થઇ હતી. સગીરાએ બાળકીને જન્મ આપ્યો હોવાની માંજલપુર પોલીસને જાણ કરાઇ હતી ત્યારે પોલીસે સગીરાના પરિવારનો સંપર્ક કર્યો હતો અને સગીરા કઈ રીતે ગર્ભવતી બની ? તેના કોઈ સાથે પ્રેમ સંબંધ છે ? કોઈ હવસખોરે ગરીબ પરિવારની સગીર દીકરીને પોતાના હવસનો શિકાર બનાવી છે? માંજલપુર પોલીસ દ્વારા ગંભીર ગુનાની ઉંડાણ પૂર્વક તપાસ શરૂ કરાઇ છે.

**વડોદરામાં ઠંડીનું પ્રમાણ યથાવત રહેવા પામ્યું**

# લઘુત્તમ તાપમાન 14.2 ડીગ્રી પહોંચ્યું, ઠંડીમાં આંશિક ઘટાડાથી રાહત

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરામાં ઠંડીનું પ્રમાણ યથાવત રહેવા પામ્યું છે. વીતેલા ત્રણ દિવસમાં તાપમાનમાં સામાન્ય વધારો થયો હતો. સોમવારે મહત્તમ તાપમાન 30.6 ડિગ્રી લઘુતમ તાપમાન 14.2 ડિગ્રી અને હવામાં ભેજનું પ્રમાણ સવારે 71% અને સાંજે 36% નોંધાયું હતું. ઉત્તર ભારતમાં થયેલી હિમવર્ષાની અસર થોડા દિવસ પહેલા વડોદરા શહેરમાં જોવા મળી હતી. જેમાં એકાએક ઠંડીની તીવ્રતામાં વધારો થતા લોકોને ફરજિયાત ગરમ વસ્ત્રો ધારણ કરી ઘરની બહાર નીકળવું પડે તેવી સ્થિતિ જોવા મળી હતી.વિતેલા બે દિવસથી લઘુત્તમ તાપમાનમાં ક્રમશ વધારો થઈ રહેલો જોવા મળ્યો હતો. શનિવારે તાપમાન બે ડિગ્રીના વધારા સાથે 13.2 ડિગ્રીએ પહોંચ્યું હતું. ત્યારબાદ રવિવારે લઘુત્તમ તાપમાન 1.2 ડિગ્રી વધતા 14.4 ડિગ્રીનો થયો હતો જ્યારે ત્રીજા દિવસે સોમવારે લઘુતમ તાપમાનમાં સામાન્યતઃ ઘટાડો નોંધાયો હતો અને 14.2 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. ઉત્તર દિશા તરફથી આવતા પવનની ઝડપ પણ ઓછી થઈ હતી. જેના કારણે ઠંડીનો ચમકારો થોડો ઓછો જોવા મળ્યો હતો. નોંધનીય છે કે, શહેરમાં સવારે વાતાવરણ જોવા મળ્યું હતું. જે બાદ સૂરજદાદાએ દર્શન આપ્યા હતા. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી વર્ષે જાન્યુઆરીના અંત સુધી સ્થિત લહેરનો અનુભવ થશે નવેમ્બરમાં લાલ ની નાની સ્થિતિ બની છે. જેનાથી ઠંડી વધે છે. હવે તેની સાથે એક મોટું કારણ જોડાઈ ગયું છે. વિશ્વની બે પ્રમુખ હવામાન એજન્સીઓ અનુસાર ઉત્તર ધ્રુવની ઉપર ધ્રુવીય ઠંડી હવાના વર્તુળોમાં તિરાડ પડવા લાગી છે. આનાથી ઉત્તર ગોળાર્ધના મોટા ભાગોમાં અત્યંત ઠંડા પવન ફૂંકાશે અને આગામી દિવસોમાં અસાધારણ રીતે ઠંડી વધી શકે છે.

**જન્મના દાખલા કઢાવવા આવેલા અરજદારોની લાંબી કતાર**

# એસએસજીમાં સર્વર ખોટકાતા અટવાયેલા અરજદારોમાં રોષ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા કોર્પોરેશન દ્વારા કરવામાં આવતી બાળકોના જન્મ નોંધણીની પ્રક્રિયા હવે એસએસજી હોસ્પિટલમાં એક સપ્ટેમ્બર થી શરૂ કરવામાં આવી છે. ત્યારે, એસએસજીમાં ટેકનિકલ ખામીને કારણે સરકારની બાળકના જન્મ નોંધણી માટેની સાઈટ ખોટકાતા અરજદારોની લાંબી કતારો લાગી હતી. જ્યારે, કલાકો થતા સરકારની કામગીરી સામે બળાપો કાઢ્યો હતો. મધ્ય ગુજરાતની સૌથી મોટી કહેવાતી વડોદરા શહેરની એસએસજી હોસ્પિટલમાં ગત એક સપ્ટેમ્બર થી શરૂ કરવામાં આવી છે. જોકે આ કામગીરી દરમિયાન છેલ્લા કેટલાક દિવસોથી સર્વર ખોટ ખાતા જરૂરી કામ અર્થે આવતા અરજદારો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. તેવામાં સોમવારે ફરી એક વખત જન્મની રજીસ્ટ્રેશન માટેની સાઈટ ટેકનીકલ કારણોસર બંધ થતા અરજદારોની લાંબી કતાર લાગી ગઈ હતી. કલાકો વિતવા છતાં પણ કામગીરી પુનઃ શરૂ નહીં થતા અરજદારોએ કામગીરી સામે બળાપો કાઢ્યો હતો. અરજદારે જણાવ્યું હતું કે, સરકારમાં કોઈપણ સહાય લેવી હોય તો બાળકના જન્મના ત્રણ મહિનાની અંદર તમારે અમુક ફોર્મ ભરી દેવાના હોય ત્રણ ત્રણ ચાર મહિના સુધી તો જન્મનો દાખલો જ નથી બનતો તો આધાર કાર્ડ ક્યારે બનશે અને આધારકાર્ડ ક્યારે બનશે તો એનું રેશનકાર્ડ માં નામ ક્યારે એડ થશે ? તો શું ચાર ચાર મહિના સુધી આવી રીતે જ ધક્કા ખાયા કરવા પડશે. અંદર પણ રજૂઆત કરી પણ કોઈ સાંભળવા તૈયાર નથી.



**3337 પૈકી ગણતરીમાં 3310 બેલેટ પેપર નીકળ્યાં બાકીના ક્યાં ગયા ?**

# મેનેજિંગ કમિટીના હારેલા વકીલ ઉમેદવારની રિકાઉન્ટિંગની માગણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા વકીલ મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, ખજાનચી તથા મેનેજિંગ કમિટીના પદ માટે ચૂંટણી ગત 19 ડિસેમ્બરના યોજાઇ હતી. જેમાં 37 ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. ચૂંટણી દિવસે મતદારો ભારે ઉત્સાહ ભેર સવારથી સાંજ સુધી મતદાન કર્યું હતું. જેમાં 4515 મતદારો પૈકી 3337 વકીલ મતદારોએ પોતાના મતધિકારીનો ઉપયોગ કર્યો હતો. ત્યારે વોટિંગ પૂર્ણ થયા બાદ મોડી રાત સુધી મતગણતરી પૂર્ણ થઇ હતીp જેમા પ્રમુખ સહિતના ઉમેદવારોના પરિણામ જાહેર થયા હતા. પરંતુ મેનેજિંગ કમિટી એલ આર સહિતની પદ માટે બીજા દિવસે એટલે કે 20 ડિસેમ્બરના રોજ ગણતરી યોજાઇ હતી. જેમાં મેનેજિંગ કમિટીના એક ઉમેદવારને 1145 મત મળ્યાં હતા જ્યારે અન્ય ઉમેદવારને 1247 મત સાથે વિજય થયો હતો. પરંતુ આ વકીલ ઉમેદવાર ધર્મેન્દ્ર શિનોરાની બે મતથી હાર થઇ હતી. ત્યારે આ ઉમેદવારે જણાવ્યું હતું કે વકીલ મંડળની ચૂંટણીમાં કુલ 3337 મતદારોએ મતદાન કર્યુ હતું. જેની ગણતરી કરતા 3337 મતદાન પૈકીના 3310 બેલેટ પેપર પણ ગણતરીમાં નીકળ્યાં હતા. ત્યારે બાકીના 27 બેલેટ પેપર ગયા ક્યાં ? તેવા આક્ષેપ સાથે રિકાઉન્ટિંગની ઉમેદવારને માગણી કરી હતી.



### વકીલ ઉમેદવારના સસ્તી પ્રસિદ્ધ મેળવવા માટે ખોટા આક્ષેપ

મતગણતરી દરમિયાન જ ચૂંટણી પંચ દ્વારા આક્ષેપ કરનાર વકીલને ફરીથી તેમની માગણી મુજબ રિકાઉન્ટિંગ કરવા માટે જણાવ્યું હતું. જેમાં પ્રમુખ પદના વિજેતા ઉમેદવાર હસમુખ ભટ્ટ તથા ખજાનચી નિમિષા ધોત્રેની હાજરીમાં બે બંડલનું વેરિફિકેશન કરવા માટે આપ્યાં હતા. પરંતુ હવે ચુંટણી પત્યાં બાદ હવે ચૂંટણી પંચ પર ખોટા આક્ષેપ કરીને વકીલ ધર્મેન્દ્ર શિનોરાએ સસ્તી પ્રસિદ્ધ મેળવવા માટે સ્ટન્ટ કરવામાં આવ્યો છે.

**મહિલા સામે પિસ્તોલ તાકી વધરાના રૂ.80 લાખ માંગ્યા**

# વ્યાજખોર સહિત 3 આરોપીઓના રિમાન્ડ પૂર્ણ થતાં જેલમાં ધકેલાયા

વૃદ્ધા પાસેથી રૂ.1.57 કરોડની સામે રૂ. 4.39 કરોડ વસૂલ્યાં છતાં પઠાણી ઉઘરાણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા શહેરમાં રહેતા 61 વર્ષીય મહિલાને રૂપિયાની જરૂરિયા ઉભી થતા તેઓ સુનિલ નલીન પરીખે તેમને કોરોના મહામારી દરમિયાન 1.57 કરોડ રૂપિયા વ્યાજે આપ્યા હતા. તેની સામે મહિલાએ 23 નવેમ્બર 2021થી 28 ઓગષ્ટ 2025 સુધીમાં બેંક આંગડિયા પેઢી તથા રોકડ મળીને રૂ. 4.39 કરોડ ચુકવીદીધા હતા. તેમ છતાં વ્યાજખોરો મહિલા પાસે વધારાના 80 લાખ રૂપિયાની પઠાણી ઉઘરાણી કરી રહ્યાં હતા. પરંતુ મહિલાએ રૂપિયા નહી આપતા સુનિલ પરીખ અને તેના સાગરીત રજનીકાંત રાવત અને જયેશ પરમારે મહિલાના ઘર અને ઓફિસ પર દાનત બગાડી હતી અને ગાળો આપી પિસ્તોલ તેમની સામે તાકી હતી ત્યારબાદ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરીપૂર્વક રૂપિયાની ઉઘરાણી કરતા હતા. જેથી ડરી ગયેલા મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે વ્યાજખોર સહિતના ત્રણ આરોપી સુનિલ નલીન પરીખ (રહે. આર્યમાન બંગ્લોઝ, થલતેજ સિલજ રોડ, અમદાવાદ), રજનીકાંત અંબાલાલ રાવત (રહે. ધરમનગર, સાબરમતી, અમદાવાદ) તથા જયેશ બાબુ પરમાર (રહે. જુના વાડજ, રામાપીરના ટેકરા પાસે, અમદાવાદની ધરપકડ કરી હતી. બે દિવસ રિમાન્ડ પૂર્ણ થયા બાદ ત્રિપુટીને જેલ ભેગી કરી દેવાઈ હતી.

**નવા માળખામાં ભાગ Aના 90 અને ભાગ Bના 120 માર્ક્સ**

# ટેક્નિકલ-નોન ટેક્નિકલ વર્ગ-3ની ભરતી પરીક્ષાની પદ્ધતિમાં ફેરફાર કરાયો

માર્ક ઘટાડીને પરીક્ષાને વધુ તાર્કિક અને અસરકારક બનાવવાનો સરકારનો પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

રાજ્ય સરકાર દ્વારા વર્ગ 3 ની ભરતી પરીક્ષાની પદ્ધતિમાં લાંબા સમય બાદ ફેરફાર કરવામાં આવ્યો છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા 16 ડિસેમ્બરે જાહેર કરાયેલા નવા નિર્ણય મુજબ હવે ટેકનિકલ અને નોન ટેકનિકલ તમામ વર્ગ-3 ની ભરતી પરીક્ષાઓમાં નવા માર્કસ અને સુધારેલા માળખા મુજબ લેવામાં આવશે.

ગુજરાત સરકારે વર્ગ-3 ની ભરતી પરીક્ષામાં મોટો ફેરફાર કર્યો છે ટેકનિકલ અને નોન-ટેકનિકલ જગ્યા માટે માર્સનું નવું માળખું તૈયાર કરાવ્યું છે. જેમાં નવી પદ્ધતિ અનુસાર પ્રશ્નપત્ર અને હવે માત્ર બે ભાગમાં જ રાખવામાં આવ્યું છે. અગાઉ ભાગ ઈ માટે નક્કી કરાયેલા 150 માર્ક ઘટાડીને 120 માર્ક્સ કરવામાં આવ્યા છે.

જ્યારે ભાગ એ ના 60 માર્ક વધારીને 90 માર્કસ કરવામાં આવ્યા છે. આ ફેરફારને કારણે પરીક્ષાની તૈયારી કરતા હજારો ઉમેદવારોને પોતાની અભ્યાસ રણનીતિમાં ફેરફાર કરવો પડશે. ભાગ ઈ માં હવે જે તે પદને લગતા ટેકનીકલ અથવા ઉપયોગી વિષયો પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. જેથી ઉમેદવારની વિષય સંબંધિત સમજ અને વ્યવહારુ જ્ઞાનનું યોગ્ય મૂલ્યાંકન થઈ શકે. અગાઉ ભાગ ઈ ના 150 માર્ક્સને કારણે પરીક્ષા લાંબી બનતી હતી. પરંતુ, હવે તે માર્ક ઘટાડીને પરીક્ષાને વધુ તાર્કિક અને અસરકારક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

નોંધનીય છે કે, નવી વ્યવસ્થા આગામી તમામ વર્ગ 3 ની ભરતી પરીક્ષાઓમાં અમલમાં આવશે. જેના કારણે ભરતી પ્રક્રિયામાં વધુ પારદર્શિતા અને ગુણવત્તા આવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

**દુર્લભ રાજયોગોનો ત્રિવેણી સંગમ: વૃષભ, મિથુન, કર્ક, તુલા અને મીન રાશિના જાતકો માટે સુવર્ણ યુગની શરૂઆત**

# 2026માં ગુરુ-શનિનો મહાસંયોગ : 5 રાશિઓ માટે નસીબના ખુલી જશે તાળા, જાણો કોના પર થશે ધનવર્ષા!

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

જ્યોતિષ શાસ્ત્રમાં ગ્રહોનું રાશિ પરિવર્તન માનવ જીવન પર ઊંડી અસરો છોડે છે. વર્ષ 2026 એ જ્યોતિષની દ્રષ્ટિએ અત્યંત દુર્લભ અને પ્રભાવશાળી વર્ષ સાબિત થવા જઈ રહ્યું છે. આ વર્ષે દેવગુરુ બૃહસ્પતિ અને કર્મફળદાતા શનિદેવની ચાલમાં થનારા ફેરફારોને કારણે અનેક વર્ષો પછી ‘મહાસંયોગ’ રચાવા જઈ રહ્યો છે.

આ સંયોગની અસર તમામ 12 રાશિઓ પર થશે, પરંતુ 4 ખાસ રાશિઓ માટે આ વર્ષ ગોલ્ડન પિરિયડ સમાન સાબિત થશે. વર્ષ 2026માં ગુરુ મહારાજ બે વાર રાશિ પરિવર્તન કરશે. તેઓ કર્ક અને સિંહ રાશિમાં ભ્રમણ કરશે, જ્યારે શનિદેવ આખું વર્ષ મીન રાશિમાં બિરાજમાન રહેશે. આ ગ્રહદશાને કારણે વર્ષ દરમિયાન હંસ મહાપુરુષ રાજયોગ, ગજકેસરી યોગ, બુધાદિત્ય યોગ અને મહાલક્ષ્મી યોગ જેવા અત્યંત ફળદાયી યોગોનું નિર્માણ થશે.

વધુમાં “વર્ષ 2026 એ માત્ર ગ્રહોના પરિવર્તનનું વર્ષ નથી, પરંતુ અથાક મહેનતને ભાગ્યમાં બદલવાની સુવર્ણ તક છે. જ્યારે આકાશમાં ગુરુ અને શનિનો આવો દુર્લભ સંયોગ સર્જાય છે, ત્યારે શિસ્તબદ્ધ જીવન અને મજબૂત સંકલ્પ શક્તિ ધરાવનાર જાતકો માટે અશક્ય પણ શક્ય બની જાય છે.” તેવું પ્રખ્યાત જ્યોતિષી દિલીપ પંડ્યાએ જણાવ્યુ હતુ.

### આ રાશિઓનું ભાગ્ય ચમકશે

**1. વૃષભ: આર્થિક સ્થિરતા અને પ્રગતિ**

વૃષભ રાશિના જાતકો માટે 2026 લાંબા ગાળાના લાભ લઈને આવશે. શનિની અનુકૂળ સ્થિતિ અને મહાલક્ષ્મી યોગ તમારા જીવનમાં સ્થિરતા લાવશે.

◆ **કરિયર:** નોકરીમાં પ્રમોશન અને વ્યાપારમાં વિસ્તરણના યોગ છે. ◆ **લાભ:** આવકના નવા સ્ત્રોત ખુલશે અને સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થશે.

**2. મિથુન: સિદ્ધિઓનું વર્ષ**

મિથુન રાશિ માટે આ વર્ષ અધૂરી ઈચ્છાઓ પૂર્ણ કરવાનું વર્ષ બની રહેશે. ગુરુનો સાથ મળવાથી શિક્ષણ અને સ્વાસ્થ્યમાં સુધારો થશે.

◆ **સફળતા:** લાંબા સમયથી અટકેલા કાર્યોમાં ગતિ આવશે.

◆ **નાણાકીય સ્થિતિ:** આર્થિક રીતે તમે પહેલા કરતા વધુ મજબૂત બનશો અને રોકાણથી મોટો ફાયદો થઈ શકે છે.

**3. કર્ક: ગજકેસરી યોગથી ભાગ્યોદય**

કર્ક રાશિના જાતકો માટે જૂન 2026 પછીનો સમય સુવર્ણ અક્ષરે લખાશે ગુરુ પોતાની ઉચ્ચ રાશિ કર્કમાં પ્રવેશતા જ ‘ગજકેસરી યોગ’ રચશે.

◆ **સંપત્તિ:** જમીન-મકાન કે વાહન ખરીદવાના યોગ બનશે.

◆ **માનસિક શાંતિ:** પારિવારિક ક્લેશ દૂર થશે અને જીવનમાં સુખ-સુવિધાઓ વધશે.

**4. તુલા: નવા અવસરોનો પગરવ**

તુલા રાશિના જાતકો માટે શનિનું ગોચર વરદાનરૂપ સાબિત થશે. ખાસ કરીને અટકેલા પ્રોજેક્ટ્સ ફરી શરૂ થશે.

◆ **વિવાહ:** અપરિણીત જાતકો માટે લગ્નના સારા પ્રસ્તાવ આવી શકે છે.

◆ **વ્યવસાય:** બિઝનેસમાં મોટો ઓર્ડર અથવા ભાગીદારી ફાયદાકારક રહેશે.

**5.મીન રાશિ : આત્મવિશ્વાસ અને પરિવર્તનનું વર્ષ**

◆ **નાણાકીય :** ખર્ચ પર કાબૂ રાખવો જરૂરી છે. જૂન પછી ગુરુના ભ્રમણને કારણે આવક વધવાના યોગ બનશે.

◆ **વિશેષ લાભ:** આ વર્ષ તમને માનસિક રીતે વધુ મજબૂત બનાવશે. અટકેલા સરકારી કામો પૂર્ણ થવાની શક્યતા છે.

**બીજા રાઉન્ડ માટે 235 નવી બેઠક આવી હોવાથી ઉમેરવામાં આવી**

# પીજી મેડિકલની બેઠકો માટે બીજા રાઉન્ડની કાર્યવાહીનો પ્રારંભ

જે વિદ્યાર્થીને બીજા રાઉન્ડમાં પ્રવેશ મળશે અને પ્રવેશ કન્ફર્મ નહીં કરાવે તેમની ડિપોઝિટ જપ્ત કરાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

પીજી મેડિકલની બેઠક માટે બીજા રાઉન્ડનું ચોઈસ ફિલીંગ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓ 22 ડિસેમ્બર સુધી ચોઈસ ફિલીંગ કરી શકે તેવી વ્યવસ્થા કરાઈ હતી. બીજા રાઉન્ડ માટે પીજી મેડિકલની 1161 બેઠક પર પ્રવેશ માટે વિદ્યાર્થીઓ ચોઈસ ફિલીંગ કરી શકશે. આ બેઠક પૈકી 8 મેડિકલ કોલેજની 235 બેઠક પ્રથમ રાઉન્ડની કાર્યવાહી બાદ મંજૂર થઈ હોવાથી તેમનો બીજા રાઉન્ડમાં સમાવેશ કરવામાં આવ્યો છે. બીજા રાઉન્ડમાં જે વિદ્યાર્થીને પ્રવેશ મળશે અને પ્રવેશ કન્ફર્મ નહીં કરાવે તેમની ડિપોઝિટ જપ્ત કરાશે.

શૈક્ષણિક વર્ષ 2025-26 માટે સરકારી, ખાનગી મેડિકલ કોલેજમાં એમડી, એમએસ, ડિપ્લોમા કોર્સની સરકારી, મેનેજમેન્ટ અને એનઆરઆઈ ક્વોટાની બેઠક પર એડમિશન માટે લાયકાત ધરાવતા ઉમેદવારો માટે બીજા રાઉન્ડની ઓનલાઈન ચોઈસ ફિલીંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીઓ બીજા રાઉન્ડ માટે 22 ડિસેમ્બરે સવારે 10 વાગ્યા સુધી ઓનલાઈન ચોઈસ ફિલીંગ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે 22 ડિસેમ્બરે બપોરે 12 વાગ્યે ઉમેદવારો ભરવામાં આવેલી ચોઈસ જોઈ શકાશે તેમ જણાવાયું હતું. બીજા રાઉન્ડ માટે 235 નવી બેઠક આવી હોવાથી તે ઉમેરવામાં આવી છે. આ ઉપરાંત પ્રથમ રાઉન્ડમાં નોન- રિપોર્ટેડ રહેલી બેઠકની સંખ્યા પણ 672 જેટલી છે, તથા 254 નોન- કન્વર્ટેડ કેટેગરીની બેઠક છે. આ બેઠક માટે વિદ્યાર્થીઓ બીજા રાઉન્ડનું ચોઈસ ફિલીંગ કરી શકશે. બીજા રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે અને તેઓ જો પ્રવેશ કન્ફર્મ નહીં કરાવે તો તેમણે ડિપોઝિટ પેટે ભરેલી રકમ જપ્ત કરવામાં આવશે.